કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી/સીસીસી+ ની પરીક્ષા પાસ કરનાર બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને મૂળ પાત્રતાની તારીખથી ઉચ્ચતર પગારધોરણ મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૫/૬૨૭/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૭/૧૦/૨૦૨૨.

વંચાણે લીધા :-

(૧) સામાન્ય વહિવટ વિભાગનો તા.૨૪/૦૯/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: ખતપ-૧૦૨૦૦૫-૧૫૧૯-પાર્ટ.૧-ક

(૨) સામાન્ય વહિવટ વિભાગનો તા.૨૮/૦૭/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: ખતપ-૧૦૨૦૦૫-૧૫૧૯-પાર્ટ.૧-ક.

(૩) શિક્ષણ વિભાગનો તા.૧૬/૦૫/૨૦૧૭નો પરિપત્ર ક્રમાંક: બમશ/૧૧૧૫/૬૨૭/ગ.

(૪) શિક્ષણ વિભાગનો તા.૧૬/૦૯/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૫/૬૨૭/ગ.

આમુખ :-

રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ કે જેમણે તા.01/01/૨014 થી તા.30/0૬/૨૦૧૬ દરમ્યાન સરકાર માન્ય કેન્દ્ર દ્વારા કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી/સીસીસી+ની પરીક્ષા પાસ કરેલ હોય તેઓને પાત્રતાની તારીખ ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવાની સૂચનાઓ વિભાગના તા.૧૬/૦૫/૨૦૧૭ના વંચાણે લીધા ક્રમાંક (૩)ના પરીપત્રથી બહાર પાડવામાં આવેલ છે. વિભાગના તા.૧૬/૦૯/૨૦૨૦ના વંચાણે લીધા ક્રમાંક(૪) સામેના ઠરાવથી કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરવાની મુદત તા.૩૧/૧૨/૨૦૨૦ સુધી લંબાવી અને આ વધારેલ મુદત દરમિયાન સરકાર માન્ય પરીક્ષા કેન્દ્રો દ્વારા લેવાયેલ કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી/સીસીસી+ ની પરીક્ષા પાસ કરેલ હોય તેવા કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણની પાત્રતાની તારીખથી ઉચ્ચતર પગારધોરણ મળવાપાત્ર થશે, જ્યારે તા.૩૧/૧૨/૨૦૨૦ બાદ પરીક્ષા પાસ કરનાર કર્મચારીઓને જે તારીખે પરીક્ષા પાસ કરી હોય તે તારીખથી અન્ય શરતો પૂર્ણ કરવાને આધીન, ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થશે તે મુજબ ઠરાવવામાં આવેલ છે.

સામાન્ય વહિવટ વિભાગના તા.૨૪/૦૯/૨૦૨૨ના વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના ઠરાવથી રાજ્યના સરકારી કર્મચારી/અધિકારીઓને તા.૩૧/૧૨/૨૦૨૦ બાદ પણ મૂળ પાત્રતાની તારીખથી ઉચ્ચતર પગારધોરણ મંજૂર કરવા ઠરાવવામાં આવેલ છે. આ ઠરાવની જોગવાઈઓ રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને લાગુ પાડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, સામાન્ય વહિવટ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧)ના તા.૨૪/૦૯/૨૦૨૨ના ઠરાવની જોગવાઈઓ રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને નીચેની શરતોને આધીન લાગુ પાડવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

(૧) જે બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી/સીસીસી+ની પરીક્ષા તા.૩૧/૧૨/૨૦૨૦ સુધી પાસ કરી શક્યા નથી, તેમના કિસ્સામાં તેઓએ તા.૦૧/૦૧/૨૦૨૧ થી તા.૩૧/૧૨/૨૦૨૪ દરમ્યાન સરકાર માન્ય પરીક્ષા કેન્દ્રો મારફત કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી/સીસીસી+ની પરીક્ષા પાસ કરેલ હોય/કરશે તથા ઉચ્ચતર પગારધોરણ માટેની અન્ય જોગવાઈઓ સંતોષતા હશે તો તેઓને તેમની ઉચ્ચતર પગારધોરણની મૂળ પાત્રતાની તારીખથી ઉચ્ચતર પગારધોરણ મળવાપાત્ર થશે.

(૨) જે બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓના કિસ્સામાં તા.૦૧/૦૧/૨૦૨૧ થી તા.૩૧/૧૨/૨૦૨૪ સમયગાળા દરમ્યાન સરકાર માન્ય પરીક્ષા કેન્દ્રો મારફત કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી/સીસીસી+ની પરીક્ષા પાસ કરેલ હોય/કરશે અને અગાઉ ઉચ્ચતર પગારધોરણનો લાભ પરીક્ષા પાસ કર્યા તારીખથી મંજૂર કરાયેલ હોય તો તેવા કિસ્સાઓમાં ઉચ્ચતર પગારધોરણની પાત્રતાની તારીખમાં ફેરફાર કરી ઉચ્ચતર પગારધોરણની મૂળ પાત્રતાની તારીખથી ઉચ્ચતર પગારધોરણ મંજૂર કરવાનું રહેશે.

(૩) તા.૩૧/૧૨/૨૦૨૪ બાદ બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ જે તારીખે કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી/સીસીસી+ ની પરીક્ષા પાસ કરશે તે તારીખથી અન્ય શરતો પૂર્ણ કરવાને આધીન, તેઓને ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૦૩/૧૦/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

(જે.ટી.બાંધણીયા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નામ.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્રથી)
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવ, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવ, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રા.મા. અને પ્રૌ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, કમિશ્નરશ્રીશાળાઓની કચેરી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી(કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી મારફત)
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ(કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી મારફત)
- સીસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા માટે.
- નાયબ સેકશન અધિકારી.
- સિલેક્ટ ફાઈલ.